ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયનું સી.બી.એસ.ઈ નું ૧૦૦ ટકા પરિણામ

જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા નું સી.બી.એસ.ઈ નું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા એ ધોરણ ૧૨ સાયન્સ ધોરણ ૧૨ આર્ટસ અને ધોરણ ૧૦ ના સી.બી.એસ.ઈ ના પરિણામમાં જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. ધોરણ ૧૨ સાયન્સમાં ૩૮ ધોરણ ૧૨ આર્ટસ માં ૩૮ અને ધોરણ ૧૦ માં ૭૨ વિદ્યાર્થીઓ હતા આ બધા જ વિદ્યાર્થીઓએ સી.બી.એસ.ઈ ની પરીક્ષામાં સફળતાપૂર્વક પરિણામ પ્રાપ્ત કરેલ છે. આ માટે શાળાના દરેક શિક્ષક અને આચાર્યશ્રી પ્રવિંદ ક્રિષ્નન ને સહુએ અભિનંદન આપ્યા હતા.આ સાથે સમગ્ર ભારતમાં જવાહર નવોદય વિદ્યાલય નું પરિણામ મોખરે રહ્યું છે જવાહર નવોદય વિદ્યાલય એક રહેવાસી શાળા છે જેમાં ધોરણ છ થી પ્રવેશ મળે છે આ શાળામાં નિશુલ્ક રહેવાની અને ભણવાની વ્યવસ્થા છે ઓક્ટોબર મહિનાથી આ ફોર્મ ભરવાનું શરૂ થાય છે જે ફોર્મ ઓનલાઈન ભરવા ના હોય છે તો જે નવોદય વિદ્યાલય માં પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તે ફોર્મ ભરી શકે છે.

પ્રાંતિજ અવર ઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન ઈંગ્લીશ મિડિયમ સ્કુલ ખાતે વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા ઓક્સિજન પ્લાન તથા આયોવેદિક પ્લાન નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લીંશ મિડીયમ સ્કુલ ખાતે બજાજ ઈલેક્ટ્રીકલ્સ સહયોગ થી શાળા સંકુલ ખાતે આયોવેદિક પ્લાન તથા ઓક્સિજન પ્લાન નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ જેમા શાળા પ્રિન્સીપાલ દર્શિલ ભાઈ દેસાઈ, રેખાબેન ગુપ્તા , ભુપેન્દ્રભાઈ શાહ , પવનભાઈ મોદી, રોનકભાઈ અગ્રવાલ સહિત શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

બનાસકાંઠામાં હવામાન વિભાગની અગાહીના પગલે સાર્વત્રિક વરસાદ

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની અગાહીના પગલે મોડે મોડે પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. ભાભરમાં સૌથી વધુ સાડા ચાર ઈંચ વરસાદ ખાબકયો હતો. જેથી રસ્તા પર વરસાદી પાણી ફળી વળ્યા હતા. તેમજ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે બનાસનદીમાં નવા નીર આવ્યાં હતા. જેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, નદીમાં પાણી આવી જતા પશુપાલકોએ પાણીમાંથી પસાર થવું પડયું હતું. હવામાન વિભાગની આગાહી સાચી ઠરતા જિલ્લામાં ગત સાંજથી અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં અમીરગઢમાં ૧૬ સ્સ કાંકરેજમાં ૨૯ સ્સ ડીસામાં ૦૪ સ્સ થરાદમાં ૪૦ સ્સ દાંતામાં ૦૯ સ્સ દાંતીવાડામાં ૨૨ સ્સ દિયોદરમાં ૬૯ સ્સ ધાનેરામાં ૦૩ સ્સ પાલનપુરમાં ૧૩ ભાભરમાં ૧૧૩ સ્સ લાખણીમાં ૧૦ સ્સ વડગામમાં ૦૨ સ્સ વાવમાં ૪૦ સ્સ સુઈગામમાં ૯૬ સ્સ વરસાદ નોંધાયો છે.હજુ પણ આવતીકાલે સોમવારે પણ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

ધાનેરામાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ શરૂ...

હવામાન વિભાગની આગાહી મુજબ આજે વહેલી સવારથી જ મેઘરાજાનું આગમન થયું છે. વહેલી સવારથી જ ધીમીધારે વરસી રહેલા વરસાદે સમગ્ર ધાનેરા શહેરમાં પાણી જ પાણી કરી નાખ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ધાનેરાના જાહેર રસ્તા ઉપર પણ પાણી જોવા મળી રહ્યું છે ત્યારે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરે છે તો બીજી તરફ પાણી વગર ખેડૂતોનો પાક પણ સુકાઈ રહ્યો હતો તેવામાં મેઘરાજાનું આગમન થતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ધાનેરાની કારગીલ હોટલથી લઈ તુલસીનગર સોસાયટી સુધી જાહેર રસ્તા પર પાણી ભરાઈ જતા સ્થાનિક રહીશો તેમજ વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે ગુજરાત થી રાજસ્થાન ને જોડતા માર્ગ ઉપર પાણી ભરાઈ જતા વાહન ચાલકોને પણ પાણીમાંથી પસાર થવું ખૂબ જ મુશ્કેલ બન્યું છે ધીમી ધારે વરસી રહેલા વરસાદને લઈ સમગ્ર શહેરના વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે.

વરસાદની સતત હાજરીથી પાક પર જોખમ

જિલ્લામાં ૭૫ હજાર હેક્ટર કપાસ, ૧.૨૫ લાખ હેક્ટરમાં મગફળીનું થયેલું વાવેતર

૧૦ દિવસથી વરસાદી ઝાપટાં વરસતાં ખેતી કામ ખોરંભે : મગફળીના પાકમાં ડોળ, પાન પીળાં પડવાની ફરિયાદ : કપાસના પાકનાં મૂળીયાં કહોવાઈ જવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખેતી માટે સંજીવનીરુપ ગણાતો વરસાદ હવે જોખમરૂપ બની શકે છે. છેલ્લા ૧૦ દિવસથી વરસાદી ઝાપટાં વરસતાં હોવાથી ખેતરોમાં દવા છંટકાવ તેમજ નિંદામણના કામો ખોરંભે પડ્યા છે. બંને જિલ્લાના ૧૪ તાલુકામાં ૭૫,૩૭૫ હેક્ટર કપાસ અને ૧,૨૫,૦૭૭ હેક્ટર મગફળીનું વાવેતર થયેલું છે તે સંજોગોમાં મગફળીના પાકમાં ડોળ પડવા તેમજ પાન પીળા પડવાની ફરિયાદો ખેડૂતોમાંથી સાંભળવા મળી છે. જ્યારે કપાસના પાકનાં મૂળીયાં કહોવાઈ જવાની પણ દહેશત ખેડૂતોએ વ્યક્ત કરી છે.

ચોમાસાની શરુઆતમાં વરસાદ વહેલો શરુ થયો હોવાથી ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ખેતરોમાં વિવિધ ખરીફ પાકનું વાવેતર કરી દીધું હતું. બંને જિલ્લામાં ઓણસાલ ખેડૂતોએ મગફળી અને કપાસના પાક ઉપર વધુ મદાર રાખી વાવેતર કર્યું. બંને જિલ્લામાં થોડાક સમય માટે વરસાદ ખેંચાતાં એક તબક્કે ખેતી ઉપર સંકટ જોવા મળ્યું હતું પરંતુ અષાઢના આરંભે સાથે સાર્વત્રિક મેઘમહેર થતાં ખરીફ વાવેતરનું જોબન ખીલી ઉઠયું પરંતુ હવે સતત વરસાદની હાજરી ખેતી માટે ફાયદા કરતાં નુક્સાનરુપ સાબિત થઈ શકે છે. બંને જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ૧૦ દિવસથી વરસાદી ઝાપટાં અવાર નવાર વરસી રહ્યાં છે જેના કારણે વાવેતરમાં પગ પણ મૂકી શકાતો ન હોવાથી નિંદામણ તેમજ દવા છંટકાવના કામો ઉપર બ્રેક લાગી છે. સામાન્ય તડકો નિકળે કે ફરી વાદળછાયું વાતાવરણ છવાઈ જતું હોય છે જેથી ખરીફ વાવેતરને પૂરતો સૂર્યપ્રકાશ મળતો ન હોવાથી પાકમાં રોગચાળાનું જોખમ ઉભું થયું છે. ઈડર તાલુકાના કૃષ્ણનગર, ગોરલ, ચિત્રોડી સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ સારા ઉત્પાદનની આશા સાથે મગફળીનું વાવેતર કર્યું પરંતુ હમણાંથી વરસાદની સતત હાજરીના કારણે મગફળીના પાકનાં પાન પીળાં પડવા લાગતાં ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. તે જ સ્થિતિ અન્ય તાલુકાઓમાં પણ હોવાના કારણે હવે વધુ પડતો વરસાદ ખેતી માટે નુક્સાનરુપ સાબિત થવાની ચિંતા ધરતીપુત્રોને સતાવી રહી છે. જિલ્લામાં મગફળી પછી કપાસના પાકમાં પણ ખતરો પાણીથી તરબોડ હોવાના કારણે મૂળીયાં કહોવાઈ જવાની ભીતી વ્યક્ત થઈ છે. જિલ્લામાં થોડાક સમય અગાઉ ખેતી માટે ફાયદારૂપ માનવામાં આવતો વરસાદ હવે ખરીફ વાવેતર માટે નુક્સાનરુપ બનવાની સંભાવના વધી છે. વરસાદના કારણે ખેતરોમાં સમયસર નિંદામણ તેમજ દવા છંટકાવના કામો થઈ શક્યા નથી તો કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ પાછળથી વાવેતર કરવું છે પરંતુ ખેતરોમાં વધુ ભેજના કારણે વાવેતર થઈ શક્યું ન હોવાથી અનેક ખેડૂતો સંપૂર્ણ ઉધાડ નિકળે તેની રાહ જોઈ રહ્યા છે.

સોશ્યલ મીડિયાના ટપોરીઓનો જીલ્લાની મહિલાઓ પર ડોળો : ફસાઈ શકો છો હનીટ્રેપમાં, મહિલા તબીબ સપડાઈ હોવાની ચર્ચા

મોડાસા, તા. ૨૪

વિશ્વ વ્યાપી સોશ્યલ મીડિયાના જમાનામાં ઠગાઈ ના અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે સોશિયલ મીડિયાના માધ્યમથી કેટલાક લોકો ઘણા ખરા યૂઝરનો ડેટા ચોરી કરે છે તો કેટલાકની સાથે છેતરપિંડી પણ કરે છે. સોશિયલ મીડિયા લોકો યુવતીઓના નામે એકાઉન્ટ બનાવી યુવાનોને પણ ઠગે છે અને ક્યારેક ક્યારેક તો યુવાનો માત્ર સારી યુવતીનો ફોટો જોઈને તેમની સાથે વાર્તાલાપ કરવા લાગે છે અને મોટી મુશ્કેલીમાં મૂકાઈ જાય છે અરવલ્લી જીલ્લાની મહિલા તબીબ સોશ્યલ મીડિયાનો શિકાર બની હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે હાલ આ મહિલા તબીબે સ્થાનિક પોલીસ કે સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવવાનું ટાળ્યું છે આ અંગે કોઈ પણ પ્રકારની અરજી સ્થાનિક પોલીસ કે સાયબર પોલીસને મળી ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે મહિલા તબીબ હનીટ્રેપનો ભોગ બની છે કે પછી કોઈ લંપટ ટપોરીએ મહિલા તબીબ સાથે મિત્રતા કેળવી ફોટો અને વિડીયો મારફતે બ્લેક મેઈલ કરવાનો પ્રયત્ન થયો છે તે અંગે કોઈ મગનું નામ મરી પાડવા તૈયાર નથી મહિલા તબીબ અને તેના સ્વજનોએ તેની અને પરિવારની આબરૂ ખરડાઈ નહીં તે માટે ચુપકીદી સાધી લીધી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતી યુવતીઓ અને મહિલાઓ પણ હનીટ્રેપનો ભોગ બની રહી છે આજકાલ હનીટ્રેપના અનેક કિસ્સા સામે આવી રહ્યા છે. જેમાં લોકોને વિવિધ લાલચ આપીને ટાર્ગેટ બનાવવામાં આવે છે. જે બાદમાં પૈસા ખંખેરી લેવામાં આવે છે. અનેક આવી કિસ્સાઓમાં બદનામીના ડરે લોકો ફરિયાદ પણ કરતા નથી.



સોશીયલ મીડીયા ના ગંભીર બીમારી માં યુવતીઓ અને યુવાનો ફસાતા જણાઈ રહયા છે. જેથી તેઓ તેઓના સમગ્ર જીવન પર ખરાબ કે સારી અસર પાડી શકે છે યુવાનો આજે જાણી અજાણી વ્યકતિઓ સાથે ચેટીંગ કરતા હોય છે જેથી તેઓ મહા મુકેલીમાં ફસાઈ જતા હોય છે જેમાં ઘણા લોકો ખોટા એકાઉન્ટ બનાવીને પોતાની માયાજાળ માં ફસાવવા ના પ્રયત્નો કરતા હોય છે. જેનાથી તે યુવાનની જીંદગી પર પાણી ફરી વળતું હોય છે.

રામનાથ કોવિંદનો રામાયણ યુગ પૂરો થયો...દ્રૌપદીજીનો મહાભારત યુગ શરૂ થયો....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨૪

સંસારમાં પરિવર્તન સહજ છે... યુગ બદલાય એટલે સામાજિક સમીકરણ પણ બદલાતા હોય છે એ આદિઅનાદીકાળથી ચાલ્યું આવે છે!! ભારતની ભૂમિ એની સાક્ષી છે કે ભારતે "રામાયણ" નો યુગ પણ જોયો છે અને "મહાભારત" નો કાળ પણ અનુભવ્યો છે... રામાયણ યુગમાં ભાઈ ભાઈ વચ્ચે એ વાતની તંદુરસ્ત લડાઈ હતી કે ગાદી ઉપર મારો નહિ પણ મારા મોટા ભાઈનો હક્ક છે!! મહાભારત કાળમાં પણ ભાઈઓ ભાઈઓ વચ્ચે જ લડાઈ હતી જેમાં ખોટી રીતે એક ભાઈ બીજા ભાઈની ગાદી કપટથી છીનવી લેતો હતો. "રામાયણ" અને "મહાભારત" એ ભારતનો ઈતિહાસ છે. પ્રાચીન ભારત હોય કે અર્વાચીન ભારત હોય કે પછી આજનું વર્તમાન ભારત હોય આ રામાયણ અને મહાભારતનો ખેલ ભારતનો પીછો છોડતું નથી!!

વર્તમાન ભારતે રામ(નાથ)નો સમય પણ હમણાંજ જોયો અને હવે દ્રૌપદીજી આવ્યા એટલે માનસપટ ઉપર એક સંદેહ જરૂર છે કે શું ફરીથી કોઈ મોટું મહાભારત ભારતમાં નહિ થાય ને?? સમય, સંજોગ અને પરિસ્થિતિ કદાચ મહાભારતના એંધાણ કરી રહી છે... તેનું કારણ છે કે રામનાથ કોવિંદનો સમય વર્તમાન સરકાર માટે ભારતના રાજકારણમાં પોતાનો પાયો મજબૂત કરવાનો સમય હતો એટલે સત્તાધારી રાષ્ટ્રવાદી પક્ષ પોતાનું માનસ વધુ પડતું ત્યાં સ્થિર કરેલી દેખાય છે... સત્તાધારી ભાજપ પાર્ટી પોતાનો પગદંડો દિલ્હીની ગાદી સિવાય અન્ય પ્રાંતોમાં મજબૂત કરવામાં પોતાની શક્તિ કેન્દ્રિત કરતી નજરે પડતી હતી... રામનાથ કોવિંદનો યુગ પૂરો થયો હવે સત્તાધારી ભાજપ વિરોધીઓ સામે જરૂરથી બાહ્યો ચડાવસે કારણકે હવે મહામહિમ પદે વર્તમાન મહાભારતમાં દ્રૌપદીજી બિરાજમાન થયા છે!!

શ્રીરામજીના સમયમાં ત્યાગની ભાવના હતી અને એ ત્યાગ છેલ્લે છેલ્લે સત્તાધારી પક્ષે મહારાષ્ટ્રની ગાદી માટે દેખાડ્યો પણ ખરો!! હવે મહાભારત કાળ શરૂ થયો એટલે હવે કૃષ્ણનીતિ જરૂર જોવા મળશે. શ્રીકૃષ્ણ હક્ક માટે લડી લેવું જોઈએ તેવી માનસિકતા વાળા હતા, એટલે સત્તાધારી પક્ષ સિદ્ધાંતોમાં ક્યાંય બાંધછોડ નહિ કરે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે... રાજનીતિમાં બેફામ વાણીવિલાસ, તૃષ્ટીકરણ, પરિવારવાદ, જાતિવાદ કે ભ્રષ્ટાચારના મુદ્દે મહામહિમ દ્રૌપદીજીના કાળમાં કોઈ બાંધછોડ નહિ હોય તેવુ થર્ડ અમ્પાયરનું દિલ કહી રહ્યુ છે!! ફરીથી એકવાર મહાભારતકાળ શરૂ થયો છે એટલે સિદ્ધાંત વિરુદ્ધ જનારા કોઈપણ પક્ષ કે નેતૃત્વનો ખાત્મો બોલી જશે તેવા કુદરતી સંકેત મળી રહ્યા છે...

આવનાર આ મહાભારત કાળમાં આપણે વિચાર્યા પણ ના હોય તેવા કદમ શાસક પક્ષ અવશ્ય લેશે જે રાષ્ટ્રહિતમાં હોય!! ભારતના બંધારણમાં અનેક કાનૂનમાં સુધારા વધારા થશે.,એવા નવા કાનૂન પણ અવશ્ય બનશે જેનાથી ભારત વિરોધી તત્વોમાં ફફડાટ પેસી જશે.... રાષ્ટ્રવિરોધી તત્વો ગણા બધા ધમપછાડા કરશે અને સત્તાધારી પક્ષનો વિરોધ પણ કરશે પણ અંતે વિજય તો સિદ્ધાંતનો જ થશે કારણકે મહાભારત પહેલાનું હોય કે આજનું હોય અથવા દ્રૌપદીજી ૫૦૦૦ વર્ષ પહેલાના હોય કે આજના હોય પરંતુ શ્રીકૃષ્ણ તો પહેલા હતા તેના તેજ આજે પણ છે અને ભવિષ્યમાં પણ હશે!!

મહાભારત થયું ત્યારે ઉપદ્રવીઓ ચરમ સીમાએ હતા અને આજે પણ લગભગ તેવાજ હાલ છે પરંતુ મહાભારત પછી એકદમ શાંતિનું અને શુદ્ધ ભારત પાંડવ પૌત્ર પરીક્ષિત દ્વારા સ્થપાયું હતું.... ૫૦૦૦ વર્ષ પછી ફરીથી આજે આજના દ્રૌપદીજીના આગમનથી અને નિમિત્ત બનવાથી નવા ભારતની સ્થાપના થઈ શકે છે જેની પ્રિસિધ્ધિ સમગ્ર વિશ્વમાં છવાઈ જશે તેવું વાતાવરણ કુદરતી બની રહ્યું છે તેવી એક થર્ડ અમ્પાયરની દ્રષ્ટિ કહી રહી છે!!

ધી મોડાસા-ધનસુરા તાલુકા ટીચર્સ કો.ઓ.સોસાયટીના ચેરમેન પદે વરુણભાઈ.એમ.ચૌધરીની બિનહરિફ વરણી

ધનસુરા,તા. ૨૪

ધી મોડાસા-ધનસુરા તાલુકા ટીચર્સ કો.ઓ.સોસાયટીના ચેરમેન પદે વરુણભાઈ.એમ.ચૌધરીની બિનહરિફ વરણી કરાઈ હતી.મોડાસા-ધનસુરા ટીચર્સ.કો.ઓ.સોસાયટીના નવિ નિમણુક પામેલા વ્યવસ્થાપક સમિતીના ડિરેક્ટર્સ ની કારોબારી યોજાઈ હતી. જેમાં મોડાસા-ધનસુરા ટીચર્સ.કો.ઓ.સોસાયટીના ચેરમેન પદે સાયરાના વતની વરુણભાઈ મનુભાઈ પટેલની ચેરમેન પદે તથા જતીનભાઈ એમ.પટેલ ની વાઈસ ચેરમેન પદે બિન હરીફ વરણી થતા ઉપસ્થિત સહુ ડિરેક્ટર્સ, સભાસદો તથા સહુ શિક્ષકો એ અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે મોડાસા-ધનસુરા ટીચર્સ મંડળી ૧૨૭૬ જેટલા સદસ્યો ધરાવતી અંદાજીત ૧૭ કરોડનું કામકાજ ભંડોળ ધરાવતી નામાંકિત મંડળી છે. જે ૧૯૯૦ થી સતત પ્રગતિ કરી રહી છે.

ધાનેરાના ધારાસભ્યની નિષ્ક્રિય કામગીરીથી પ્રજામાં આક્રોશ...

ધાનેરા તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ધારાસભ્ય ને લોકોએ ખોબલે ખોબલે જંગી મતો આપી જીતાડયા પરંતુ આ ધારાસભ્ય ફક્ત પોતાને તેમજ તેમના મળતીયાઓને અંગત લાભ થાય તેવા કામોમાં જ રચ્યા પચ્યા રહે છે એવા ખુલ્લેઆમ આક્ષેપો ધાનેરાના પેંજાજનો કરી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,તાલુકાના અનેક ગામોમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સાવ નિષ્ફળ નિવડ્યા છે. ગામડાના લોકો અનેક વખત પાણીની સમસ્યા બાબતે રજૂઆતો છે પરંતુ આ ધારાસભ્ય લોકોની રજુઆત પ્રત્યે જરાય ધ્યાન આપતા નથી. અને કે છે સરકાર મારું સાંભળતી નથી તો આવા

બાહોશ ધારાસભ્ય એ પાંચ વર્ષ મા પંદર વર્ષ ધાનેરા ને વિકાશ મા અને લોકો ના કામ મા પાછળ ધકેલ્યું છે. અને નથી તો લોકોને રૂબરૂ મળવાનો સમય આપતા નથી હવે તો સમગ્ર તાલુકાની પ્રજા કિંમતી મત આપીને પસ્તાવો કરી રહી છે .કેમકે ધાનેરા શહેરના એસ ટી ડેપો માટે કે ધાનેરા શહેરની બંધુ સમાજ લાયબ્રેરી માટે કે રેલ્વે ઓવરબ્રિજના કારણે વાહનચાલકો ને પડી રહેલી ધાનેરા તાલુકામાં પારાવાર હાલાકી બાબતે કોઈજ ધ્યાન આપતા નથી. છેલ્લા પાંચ વર્ષમાં આ ધારાસભ્યે એકપણ લોકો ઉપયોગી કામગીરી કરી નથી? તેમ છતા ફરીથી આવનારી આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ટીકીટની આશા સેવી રહ્યા છે. જો કોંગ્રેસ પાર્ટી આ નિષ્ક્રિય ધારાસભ્ય ને ટીકીટ આપશે? તો ધાનેરા ની સીટ કોંગ્રેસ ને ખોવાનો વારો આવશે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

મોડાસા લાયન્સ ક્લબની શપથવિધિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૪

કોરોના સંક્રમણ હોય કે પછી કુદરતી કે માનવસર્જીત આફત લાયન્સ ક્લબ સમગ્ર વિશ્વમાં મદદ માટે હંમેશા અગ્રેસર હોય છે મોડાસા શહેર સહીત અરવલ્લીમાં સેવાકીય કાર્યો માટે હંમેશા અગ્રેસર રહેતી અને સમગ્ર ડીસ્ટ્રીકટમાં આગવું સ્થાન ધરાવતી મોડાસા લાયન્સ ક્લબના વર્ષ-૨૦૨૨-૨૩ ટીમનો શપથવિધિ કાર્યક્રમ લાયન્સ મંદીર મોડાસા ખાતે પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર લાયન સુરેશભાઈ શાહ, નગરપાલિકા પ્રમુખ જલ્પા ભાવસાર, ઉદ્યોગપતિ હર્ષદ પંડ્યા,ભરતભાઈ જોષી,રીજિયોન ચેરમેન પ્રકાશ વૈદ્ય, ઝોન ચેરમેન કમલેશભાઈ અને અતુલભાઈ જોષીની ઉપસ્થિતીમાં યોજાયો હતો જેમાં વર્ષ-૨૦૨૨ નવનિયુક્ત પ્રમુખ જનક જોષીને પૂર્વ પ્રમુખ ગિરીશ પટેલે ગોલ્ડન પીન અર્પણ કરી હતી. લાયન્સ ક્લબ મોડાસાના મંત્રી તરીકે જય અમીન,ખજાનચી જીજ્ઞેશ પટેલ,ઉપપ્રમુખ તરીકે ભદ્રેશ ઉપાધ્યાય યુસુફભાઈ સુથાર,ડૉ.મનીષ પટેલ, ટેમર તરીકે તપશ્રી બ્રહ્મભટ્ટ અને ટેઈલ ટ્વીસ્ટર તરીકે ખીલન પટેલે શપથ ગ્રહણ કર્યા હતા નવનિયુક્ત ટીમે "સર્વ વીથ પ્લેઝર" સ્લોગન સાથે સેવાકીય કાર્યો માટે શહેર અને જીલ્લામાં અગ્રેસર રહેશેનું જણાવ્યું હતું. લાયન્સ ક્લબ મોડાસાની ટીમને લાયન્સ કમલેશ પટેલ, ડૉ.જીતેન્દ્ર પટેલ, ડૉ.ટી.બી.પટેલ પરેશ શાહ,ડૉ.જીજ્ઞેશ સુથાર, વીનોદ પટેલ,ગિરીશ પટેલ,ભાવેશ જયસ્વાલ, કનુ પટેલ,સુરેશ શાહ,મનુભાઈ પટેલ, રામભાઈ પટેલ, નવીનભાઈ રામાણી, ઈન્દ્રવદન બ્રહ્મભટ્ટ, પ્રવીણ પરમાર સહીત લાયન્સ ક્લબના સદસ્યોએ અભિનંદન પાઠવ્યા હતા શપથવિધિ કાર્યક્રમનું સફળ સંચાલન ભાવેશ જયસ્વાલ, મનુ પટેલ અને પરેશભાઈ શાહે કર્યું હતું

જિલ્લામાં શ્રાવણના તહેવારો ટાણે ફળોના ભાવ ઉંચા : ઉપવાસીઓ માટે ફળાહાર મોંઘુ બનશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આગામી શ્રાવણ માસના તહેવારો નજીક આવી રહ્યા છે તે પૂર્વે ફળના ભાવ ઉંચાઈએ પહોંચ્યા છે. તહેવારો દરમ્યાન ઉપવાસમાં ફળાહાર તેમજ ધાર્મિક પૂંજાવિધિમાં ફળોનો વધુ ઉપયોગ થતો હોય છે તે સંજોગોમાં હાલ ૧ કીલો દીઠ ફળના ભાવ ઈ ૫૦થી ૧૬૦ સુધી પહોંચી ગયા છે. જિલ્લામાં અષાઢ માસના આરંભથી જ ધાર્મિક તહેવારોની શરુઆત થઈ ચૂકી છે. જ્યારે આગામી ટૂંક સમયમાં જ પવિત્ર શ્રાવણ માસ શરુ થવાનો છે ત્યારે અત્યારથી જ તમામ પ્રકારના ફળના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. શ્રાવણ માસ દરમ્યાન હજારોની સંખ્યામાં ભગવાન ભોળાનાથના ભક્તો ઉપવાસ કરી ભોજનમાં ફળોનો વધુ ઉપયોગ કરતા હોય છે. જ્યારે પૂંજનઅનુષ્ઠાનમાં પણ ફળોનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે આ વખતે શ્રાવણ માસના આગમન ટાણે કેળા, સફરજન, પાઈનેપલ, મોસંબી, દાડમ, કેરી સહિતના ફળોના ભાવ ઉંચાઈએ જવા લાગ્યા છે. ફળ બજારમાં સરેરાશ ૧ કીલો દીઠ ફળનો ભાવ ૩૫૦થી ૧૬૦ સુધી પહોંચી ગયો છે તે જોતાં આગામી શ્રાવણ મહિનામાં ફળોની માંગ વધવા સાથે ભાવ પણ વધવાની શક્યતા છે. જિલ્લામાં તાજેતરમાં સંપન્ન થયેલા રમઝાન માસમાં તમામ વિસ્તારોમાં ફળોની માંગ વધી હતી તે સમયે ભાવ ઉંચા રહ્યા પછી માંડ તેમાં ઘટાડો જોવા મળ્યો તેમાં હવે શ્રાવણ માસ નજીકમાં હોવાના કારણે તમામ પ્રકારના ફળના ભાવમાં ધીરે ધીરે વધારો થતો જાય છે.